નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હેઠળની હંગામી જગ્યાઓને ચાલુ રાખવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-મકમ/૧૦૨૦૧૪/૧૧૮૪૫૯/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:૦૧/૦૭/૨૦૨૧

વંચાણે લીધા-

૧. આ વિભાગના સરખા ક્રમાંકના તા:૦૧/૦૨/૨૦૨૧નો ઠરાવ.
૨. સામાન્ય વહીવટ વિભાગના તા:૦૩/૦૨/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક:RSK/102014/2300(21)/R.
૩. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા:૧૭/૦૨/૨૦૨૧નો પત્ર ક્રમાંક: અજાક/મકમ/૪/૩૮૬/૨૦૨૧/ક.

**પ્રસ્તાવના:-**

વંચાણે લીધેલ ક્રમ-૦૧ પરના વિભાગના તા:૦૧/૦૨/૨૦૨૧ના ઠરાવથી, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળની વર્ગ-૧ થી વર્ગ-૪ની કુલ-૭૨૫ હંગામી જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૧ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ હતી.

વંચાણે લીધેલ ક્રમ-૦૨ પરના સામાન્ય વહીવટ વિભાગના તા:૦૩/૦૨/૨૦૧૪ના ઠરાવની જોગવાઇ મુજબ, રાજ્ય સરકારે ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર લાગુ પાડ્યુ ત્યારથી જયાં સુધી કેલેન્ડર જીવંત છે ત્યાં સુધી ભરતી કેલેન્ડરમાં સમાવિષ્ટ જગ્યાઓને એબેયન્સમાં મૂકવામાંથી કે રદ કરવામાં મુક્તિ આપવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમ-૦૩ પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરના પત્રથી વિવિધ હંગામી જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૨ સુધી ચાલુ રાખવા માટેની દરખાસ્ત કરેલ હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરની ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડરમાં સમાયેલ નીચેના પત્રક-૧ માં ભરતી કેલેન્ડરમાં સમાવિષ્ટ કુલ-૭૨૫ જગ્યાઓ તથા પત્રક-૨ (ભરતી કેલેન્ડર સિવાયની જગ્યા) અંતર્ગત કોલમ નં.૦૪ની કુલ ૧૪૩ જગ્યા (કાયદા સલાહકારની ૦૧ જગ્યા સિવાયની) ભરાયેલ હોવાથી તથા કોલમ નં-૦૬ની એક વર્ષથી ઓછાં સમય માટે ખાલી કુલ-૦૩ જગ્યા એમ કુલ-૧૪૬ જગ્યાઓને નીચે મુજબની શરતોને આધિન તા.૨૮/૦૨/૨૦૨૨ સુધી ચાલુ રાખવા આથી ઠરાવવામાં આવે છે.

## પત્રક-૧ કેલેન્ડરમાં સમાવેશ થયેલ સંવર્ગો

| ક્રમ | સંવર્ગનું નામ | સંખ્યાબળ | કાયમી | હંગામી |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | નાયબ નિયામક | ૩૮ | ૨૦ | ૧૮ |
| ૨ | સમાજ કલ્યાણ અધિકારી | ૪૯ | ૨૨ | ૨૭ |
| ૩ | આચાર્ય | ૨૮ | ૦ | ૨૮ |
| ૪ | મદદ સમાજ કલ્યાણ અધિકારી | ૧૯૩ | ૧૦ | ૧૮૩ |
| ૫ | સમાજ કલ્યાણ નિરીક્ષક | ૨૬૧ | ૧૫૯ | ૧૦૨ |
| ૬ | સીનીયર કલાર્ક | ૧૧૩ | ૩૧ | ૮૨ |
| ૭ | જુનીયર કલાર્ક | ૨૩૩ | ૧૮૬ | ૪૭ |
| ૮ | મદદ.શિક્ષક(ઉ.મા) | ૧૧૭ | ૦ | ૧૧૭ |
| ૯ | મદદ.શિક્ષક(મા) | ૧૨૧ | ૦ | ૧૨૧ |
| | કુલ | ૧૧૫૩ | ૪૨૮ | ૭૨૫ |

## પત્રક-૨ ભરતી કેલેન્ડર સિવાયની જગ્યાની વિગત

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ખાલી જગ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | સંવર્ગનું નામ | હંગામી જગ્યાઓ ની સંખ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ૬. એક વર્ષથી નીચેની | ૭. ૧ થી ૩ વર્ષ સુધીની | ૮. ત્રણ વર્ષ ઉપરની |
| ૧ | નિયામક (વર્ગ-૧) | ૧ | - | ૧ | ૧ | - | - |
| ૨ | સંયુકત નિયામક | ૧ | ૧ | - | - | - | - |
| ૩ | ગુજરાતી સ્ટેનો (ગ્રેડ-૧) | ૧ | ૧ | - | - | - | - |
| ૪ | ગુજરાતી સ્ટેનો (ગ્રેડ-૨) | ૩ | ૧ | ૨ | ૧ | ૧ | - |
| ૫ | કાયદા સલાહકાર (કરાર આધારિત) | ૧ | ૧ | - | - | - | - |
| ૬ | મદદ.શિક્ષણનિરીક્ષક(વર્ગ-૩) | ૧ | ૧ | - | - | - | - |
| ૭ | સંશોધન મદદ.(વર્ગ-૩) | ૧ | ૧ | - | - | - | - |
| ૮ | આંકડા મદદનીશ | ૩ | - | ૩ | - | ૩ | - |
| ૯ | શિવણ સંચાલિકા | ૮ | ૨ | ૬ | - | ૩ | ૩ |
| ૧૦ | ડ્રાઇવર (વર્ગ-૩) | ૧૪ | ૬ | ૮ | ૧ | ૭ | - |
| ૧૧ | પટાવાળા વર્ગ-૪ | ૪૭ | ૪૫ | ૨ | - | ૨ | - |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૨ | રસોયા વર્ગ-૪ | ૨૫ | ૨૨ | ૩ | - | ૩ | - |
| ૧૩ | રસોડા કામદાર વર્ગ-૪ | ૨૨ | ૨૦ | ૨ | - | ૨ | - |
| ૧૪ | ચોકીદાર વર્ગ-૪ | ૨૧ | ૨૦ | ૧ | - | ૧ | - |
| ૧૫ | સફાઇ કામદાર વર્ગ-૪ | ૧૭ | ૧૫ | ૨ | - | ૨ | - |
| ૧૬ | હમાલ વર્ગ-૪ | ૮ | ૮ | - | - | - | - |
| | કુલ | ૧૭૪ | ૧૪૪ | ૩૦ | ૩ | ૨૪ | ૩ |

## શરતો:-

(૧) પત્રક-૨ના કોલમ નં-૦૭ની કુલ-૨૪ જગ્યા એક વર્ષથી વધુ તથા ત્રણ વર્ષથી ઓછા સમય માટે ખાલી હોવાથી એબેયન્સમાં મુકવાની રહેશે.

(૨) પત્રક-૨ના કોલમ નં.-૦૮ની કુલ-૦૩ જગ્યા ત્રણ વર્ષથી વધુ સમય માટે ખાલી હોવાથી રદ કરવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા:૦૧/૦૭/૨૦૨૧ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ.રાજેશ બલદાણિયા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:-

1. માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૦૧, સચિવાલય, ગાંધીનગર.
2. અધિક મુખ્ય સચિવશ્રી, સા.ન્યા.ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
3. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
4. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
5. પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર.
6. નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
7. નાણાં સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
8. સેકશન અધિકારીશ્રી (કોમ્પ્યુટર સેલ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (ઉક્ત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.)
9. સિલેક્ટ ફાઈલ-૨૦૨૧.